જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૧૩/૦૨/૨૦૨૨ રવિવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૨૯૪/૨૦૨૨

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૨/૦૨/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૩૯ | ૦ | ૧૧૭૩૯ | ૧૭૮૪૮ | ૦ | ૧૭૮૪૮ |
| ૨ | કલમ ૨૬૯, ૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૨૯ | ૦ | ૧૨૯ | ૪૦૩ | ૦ | ૪૦૩ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૩૧૯૧ | ૭૫ | ૮૩૨૬૬ | ૮૪૧૯૪ | ૭૧ | ૮૪૨૬૫ |
| કુલ | | ૯૯૭૯૨ | ૭૫ | ૯૯૮૬૭ | ૧૦૮૭૨૭ | ૭૧ | ૧૦૮૭૯૮ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૬૪ | ૪,૮૯,૨૫૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૪૯૪ | ૪,૯૪,૦૦૦/- |

# પાસા અટકાયતની વિગત

## ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન (૧)

## પાસા અટકાયતના આરોપીને પકડી મધ્યસ્થ જેલ સુરત ખાતે મોકલી આપતી ગાયકવાડ હવેલી પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા મે.અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૧ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૩ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "ઇ" ડીવીઝન સાહેબ નાઓ તરફથી વધુમાં વધુ પાસા અટકાયતી પગલા લેવાની સુચનાં આપતા જે સુચના આધારે "જાહેર સલામતી અને વ્યવસ્થા" વિરૂધ્ધના કૃત્યો અટકાવવા સારૂ અસરકારક પગલા લેવા કરેલ હુકમ અનુસંધાને અમો પોલીસ ઇન્સ્પેક્ટર આર.એચ.સોલંકી ગા.હવેલી પોલીસ સ્ટેશનનાઓએ નીચે જણાવેલ નામ વાળા આરોપી (ઇસમ) "જાહેર વ્યવસ્થા" વિરૂધ્ધના કૃત્યો કરતો હોય તેના વિરૂધ્ધમાં પુરાવા એકત્ર કરી પાસા દરખાસ્ત તૈયાર કરી મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેરનાઓની સમક્ષ સાદર કરતા તેઓ સાહેબે પાસા હુકમ ક્રમાંક નં-પીસીબી/ડીટીએન/૧૪૦/૨૦૨૨ તા.૧૧/૦૨/૨૦૨૨ થી પાસા અટકાયતી અનિલ ઉર્ફે અન્ના રાજેશભાઇ મદ્રાસી ઉ.વ.૨૨ રહે,સોરાઇ નગર કાચા છાપરામાં કંતાન વાસ વાસણા પોલીસ ચોકીની પાછળ વાસણા અમદાવાદ શહેરનાઓને મધ્યસ્થ જેલ સુરત ખાતે પાસા અટકાયતમાં રહેવાનો હુકમ કરતા સર્વેલન્સ સ્કવોડના પો.સબ ઇન્સ. એમ.એન.આદરેજીયા તથા સ્ટાફના માણસો નાઓ બાતમી હકિકત આધારે પકડી પાડતા સદરી ઇસમને તા.૧૧/૦૨/૨૦૨૨ રોજ હુકમની બજવણી કરી જરૂરી જાપ્તા સાથે પાસામાં મધ્યસ્થ જેલ સુરત ખાતે મોકલી આપેલ છે.

તા.૧૧/૦૨/૨૦૨૨.



## ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન (૨)

## પાસા અટકાયતના આરોપીને પકડી ખાસ જેલ પાલારા ભુજ ખાતે મોકલી આપતી ગાયકવાડ હવેલી પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા મે.અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૧ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૩ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "ઇ" ડીવીઝન સાહેબ નાઓ તરફથી વધુમાં વધુ પાસા અટકાયતી પગલા લેવાની સુચનાં આપતા જે સુચના આધારે "જાહેર સલામતી અને વ્યવસ્થા" વિરૂધ્ધના કૃત્યો અટકાવવા સારૂ અસરકારક પગલા લેવા કરેલ હુકમ અનુસંધાને અમો પોલીસ ઇન્સ્પેક્ટર આર.એચ.સોલંકી ગા.હવેલી પોલીસ સ્ટેશનનાઓએ નીચે જણાવેલ નામ વાળા આરોપી (ઇસમ) "જાહેર વ્યવસ્થા" વિરૂધ્ધના કૃત્યો કરતો હોય તેના વિરૂધ્ધમાં પુરાવા એકત્ર કરી પાસા દરખાસ્ત તૈયાર કરી મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેરનાઓની સમક્ષ સાદર કરતા તેઓ સાહેબે પાસા હુકમ ક્રમાંક નં-પીસીબી/ડીટીએન/૧૪૮/૨૦૨૨ તા.૧૨/૦૨/૨૦૨૨ થી પાસા અટકાયતી મોહમદ સલમાનખાન ઉમરખાન પઠાણ ઉ.વ.૨૪ ધંધો.છુટક મજુરી રહે. બુખારીબાવાની દરગાહની બાજુમાં બિસ્મીલનગર શીફા હોસ્પીટલ પાસે દાણીલીમડા અમદાવાદ શહેર નાઓને ખાસ જેલ પાલારા ભુજ ખાતે પાસા અટકાયતમાં રહેવાનો હુકમ કરતા સર્વેલન્સ સ્કવોડના પો.સબ ઇન્સ. એમ.એન.આદરેજીયા તથા સ્ટાફના માણસો નાઓ બાતમી હકિકત આધારે પકડી પાડતા સદરી ઇસમને તા.૧૨/૦૨/૨૦૨૨ રોજ હુકમની બજવણી કરી જરૂરી જાપ્તા સાથે પાસામાં ખાસ જેલ પાલારા ભુજ ખાતે મોકલી આપેલ છે. તા.૧૨/૦૨/૨૦૨૨.



**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૯૫/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૭૩ કેસ કરી, ૭૦ વ્યક્તિઓને ઝડપી, ૭૯૦ લીટર દેશી દારૂ, ૧૩ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૪ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૪૮ બિયર ટીન અને ૧ રીક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૭ કેસ કરી ૨૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧,૧૫,૦૦૫/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૯૬/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૬૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૨૯૭/૨૦૨૨**

**વેજલપુરઃ** ગેમરભાઇ મફાભાઇ રબારી (રહે. ચામુંડા રો હાઉસ જીવનકલા સોસાયટી સામે જલતરંગ બસ સ્ટેન્ડ પાસે જીવરાજપાર્ક વેજલપુર) એ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૧/૦૨/૨૦૨૨ બપોરના ૨/૦૦ થી તા.૧૨/૦૨/૨૦૨૨ સવારના ૭/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનની જાળી અને દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તિજોરીમાંથી સોનાની બુટ્ટી એક જોડ કિમત રૂપિયા ૧૦,૦૦૦/- અને રોકડ રૂપિયા ૪,૦૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૪,૧૦,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી ડી.સી.પરમાર ચલાવે છે.

**અપમૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૨૯૮/૨૦૨૨**

**સાબરમતીઃ** સાબરમતી ત્રાગડ ગોદરેજ ગાર્ડન સીટી પાછળ અનંતા નામની નવી બનતી સાઈટ પાછળ આવેલ મજુર કોલોની ખાતે રહેતા અને ત્યા જ મજુરી કામ કરતા કલ્પેશભાઈ બાપુલાલ પારંગી (ઉ.વ.૨૧) (મુળ વતન. ગામ-અમલા પોસ્ટ-બદલીયા તાલુકો-અનંતપુરી જિલ્લો-બાંસવાડા રાજસ્થાન) તા.૧૧/૦૨/૨૦૨૨ રાતના ૯/૩૦ વાગ્યાના સુમારે સાઈટ ઉપર કામ કરતા હતા ત્યારે સાતમા માળ લીફ્ટની ખુલ્લી જગ્યામાંથી નીચે પડી જતા ગંભીર ઇજાઓ થતા તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ઉપેન્દ્રસિંહ વિજયસિંહ ચલાવે છે.

**નરોડાઃ** કુબેરનગર ભાર્ગવરોડ ભગવતી સ્કુલ સામે શ્યામનગર ખાતે રહેતા રમેશસિંગ કમલસિંગ બઘેલ (ઉ.વ.૨૬) (મુળ વતન. ગામ સલૈયા તા-ધવરા જિ-ગ્વાલીયર મધ્યપ્રદેશ) તા.૧૧/૦૨/૨૦૨૨ સાંજના ૭/૩૦ વાગ્યાના સુમારે નાના ચિલોડા મહર્ષી હોસ્પીટલ પાસે કૈલાસ રીઝોઇસ-૨ નામના ફ્લેટના 'એ' બ્લોકના ચોથા માળે લીફ્ટમા ઉભા રહી ફ્લેટની બહારની દિવાલ ઉપર કલર કામ કરતા હતા ત્યારે પગ લપસી જતા ચોથા માળથી બિલ્ડીંગના બીજા માળની છત પર પડતા જતા ગંભીર ઇજાઓ થતા સારવાર માટે તેમને સીવીલ હોસ્પીટલ લઈ જતા ફરજ પરના ડૉ.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી નરેશકુમાર સુકાભાઇ ચલાવે છે.

**નિકોલઃ** ઝરણાબહેન ડો/ઓ અરવિંદભાઇ દંતાણી (ઉ.વ.૨૧) (રહે. લાલકૃષ્ણ એપાર્ટમેન્ટ અભીલાષા ફ્લેટની બાજુમા નિકોલ) તા.૧૨/૦૨/૨૦૨૨ સવારના ૮/૧૫ વાગ્યાના સુમારે ફ્લેટની બાલ્કનીમા ચોથા માળે સાફ સફાઈ કરતા હતા ત્યારે પગ લપસી જતા ચોથા માળથી નીચે પડી જતા ગંભીર ઇજાઓ થતા સારવાર માટે તેમને સીવીલ હોસ્પીટલ લઈ જતા ફરજ પરના ડૉ.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી જે.એલ.સીસોદીયા ચલાવે છે.

**<u>આત્મહત્યા :-</u>** **<u>સમાચાર યાદી નં.૨૯૯/૨૦૨૨</u>**

**ઓઢવઃ** રવિન્દ્રભાઈ નંદલાલ ગૌદાણી (ઉ.વ.૪૦) (રહે. શ્રી રેસીડન્સી આસ્થા બંગલોની બાજુમાં નિકોલ) એ અગમ્ય કારણસર તા.૧૨/૦૨/૨૦૨૨ સવારના ૮/૩૦ વાગ્યા પહેલા ઓઢવ ભીક્ષુકગૃહ રોડ વિજય ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ ૧૬૯ ખાતે લોખંડના માળીયાની એંગલ સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ગણપતભાઈ નટવરભાઈ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.